પોલીસ અધિક્ષકની કચેરી, પંચમહાલ,ગોધરા,
સરનામું સિવીલ લાઇન્સરોડ, ગોધરા.- ૩૮૯૦૦૧,
પોલીસ કંટ્રોલ રૂમ ટે.નં.- (૦૨૬૭૨) ૨૪૨૫૦૪, ૨૪૫૯૭૨,
ફેકસ નંબર - (૦૨૬૭૨) ૨૪૨૮૧૨,
ઇ-મેઇલ એડ્રેસ - sp-pan@gujarat.gov.in

ક્રમાંકઃગનહ/આર.બી./ /૨૦૨૩
પોલીસ અધિક્ષકની કચેરી
પંચમહાલ ગોધરા તા. /૦૭/૨૦૨૩

પ્રતિ,
એકઝીકયુટીવ શ્રી,
ગુજરાત ઇન્ફોર્મેટીક લીમીટેડ,
બ્લોક નં.૧, ૮ મો માળ,
ઉધોગ ભવન, ગાંધીનગર.

વિષયઃ- પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબત.

હવાલોઃ- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃજી-૧ (ક્રાઇમ)/ટે.૨ / સારી કામગીરી/૧૭૮૧/૧૨ તા.૧૭/૫/૧૨

(૨) આપશ્રીના ફેકસ મેસેજ નં.સી.સી./કોન્સોલ/૫૮૦ /૨૦૧૨ તા.૨૩/૫/૨૦૧૨ આધારે

સવિનય ઉપરોકત વિષય અને હવાલા અન્વયે જણાવવાનું કે, પોલીસ વિભાગ ધ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબતે ઉપરોકત હવાલાવાળા પત્રથી જણાવવામાં આવેલ છે તો અત્રેના પંચમહાલ જીલ્લામાં તા.૨૬/૦૬/૨૦૨૩ થી તા.૦૨/૦૭/૨૦૨૩ સુધી પોલીસ ધ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે આપશ્રીને વિદીત થાય.

**પકડવામા આવેલ નાસતા ફરતા આરોપીઓ-૦૨**

(૧) ગોધરા શહેર એ.ડીવી પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૬૭/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ચોરીના ગુન્હામાં છેલ્લા સાત વર્ષથી નાસતો ફરતો/વોન્ટેડ આરોપી હિતેન્દ્રભાઇ પરષોતમભાઇ પટેલ મુળ રહે-ખોડીયારનગર, જામનગર તા-જી-જામનગર નાને પો.સ.ઇ. પેરોલ ફર્લો સ્કોડ, પંચમહાલ ગોધરા નાઓ દ્વારા તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ **અમદાવાદ ન્યુ રાણીપ ખાતેથી** આરોપીને હસ્તગત કરી આગળની વધુ તપાસ માટે આરોપીને ગોધરા શહેર એ ડીવીઝન પો.સ્ટે. ખાતે સોપવામાં આવેલ છે.

(૨) રાજગઢ પો.સ્ટે. સી પાર્ટ ગુ.ર.નં-૧૧૨૦૭૦૫૫૨૩૦૧૧૫/૨૦૨૩ પ્રોહી એકટ ૬૫(એ), ૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબના કામનો આરોપી ધર્મેન્દ્રસિંહ લક્ષ્મણભાઈ બારીઆ રહે-ઘાટા તા.હાલોલ જી.પંચમહાલનાને પો.સ.ઇ. પેરોલ ફર્લો સ્કોડ, પંચમહાલ ગોધરા નાઓ દ્વારા તા.૦૨/૦૭/૨૦૨૩ ના રોજ **તેના ઘરે ઘાટા તા.હાલોલ** મુકામેથી આરોપીને હસ્તગત કરી આગળની વધુ તપાસ માટે **રાજગઢ** પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.

**પ્રોહીબિશન હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-03**

(૧) રાજગઢ પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુ.ર.નં-૧૧૨૦૭૦૫૫૨૩૦૩૬૦/૨૦૨૩ પ્રોહી એકટ ક- ૬૫(એ), ૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબના કામે તા.૨૭/૦૬/૨૦૨૩ ના ક.૨૨/૧૫ વાગ્યે મોજે.બોરીયા ગામની કેનાલ પાસે આરોપીઓ (૧) વૈભવકુમાર યોગેશકુમાર કનોજીયા રહે.ઘોઘબા, ગુજરાતી સ્કુલ પાસે તા.ઘોઘબા જી.પંચમહાલ (૨) સોહીલ મહેબુબભાઇ શેખ રહે.ઘોઘબા, ઇન્ડીયન બેકરી પાસે તા.ઘોઘબા જી.પંચમહાલ (૩) નિલેશકુમાર લક્ષ્મણસિંહ ચૌહાણ રહે.રાયણના મુવાડા, ઉગમણું ફળિયું, તા.ઘોઘબા જી.પંચમહાલ (૪) વિજયભાઇ ચીમનભાઇ બારીયા રહે. ઝાબ(સાગટાળા) વચળુ ફળીયું તા.દેવગઢ બારીયા જી.દાહોદ નાઓ પૈકી આરોપી નં (૧) તથા (૨) નાએ પોતાના કબજાની એકટીવા હોન્ડા કંપનીની જેનો રજી નંબર **GJ 06 QC 8362** ની ઉપર આરોપીનં (૪) ની પાસેથી ૭૫૦ મી.લી ની રોયલ સીલેકટ ડીલેક્ષ વ્હીસ્કી ની બોટલનંગ ૫૦ ની કિમત રૂા.૨૦,૧૫૦/- તથા બીયરના ટીન ૫૦૦ મીલીના માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોગ બીયર નંગ-૪૮ કિમત રૂ.૫૭૬૦/ નો પ્રોહી મુદામાલ પ્રોહી પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટેલઇ આવી આરોપીનં (૩) નાની સાથે મળી ભેગા મળી સગવગે કરવાની પેરવી દરમ્યાન આરોપીનં (૧) થી (૩) નાઓ સ્થળ ઉપર થી પ્રોહી મુદ્દામાલની કિ.રૂા.૨૫,૯૧૦/-તથા એકટીવા હોન્ડા કંપનીની કાળા કલર ની છે. જેનો રજી નંબર **GJ 06 QC 8362** ની કિ.રૂા. ૩૦,૦૦૦/- તથા પલ્સર મો.સા જોતા બજાજ કંપની કાળા કલરની રેડ પટ્ટા વાળી છે. જેનો રજી નંબર **GJ 17 BR 5736** ની કિ.રૂ. ૪૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૯૫,૯૧૦/- ના મુદ્દામાલ સાથે પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. રાજગઢ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૨) શહેરા પો.સ્ટે. પાર્ટ સી- ગુ.ર.નં.૧૧૨૦૭૦૬૧૨૩૦૫૬૨/૨૦૨૩ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૧૧૬(બી) મુજબના કામે તા.૨૮.૦૬.૨૦૨૩ ના ક.૧૧/૩૦ થી ક.૧૮/૩૦ સુધી. મોજે.ગામ હાંસાપુર, પગી ફળીયામા આરોપીઓ (૧) પ્રવિણ ઉર્ફે પરેશ દલાભાઇ પગી, રહે.ગામ: હાંસાપુર, પગી ફળીયુ. તા.શહેરા, જિલ્લો: પંચમહાલ (૨) પ્રતાપભાઇ અમરાભાઇ પગી રહે.ગામ:હાંસાપુર, પગી ફળીયુ. તા.શહેરા, જિલ્લો: પંચમહાલ (૩) રવિ ઉર્ફે પવન ઉર્ફે રાજુ, રહે.ગોધરા, મો.નં.૭૯૮૪૫૭૫૫૫૯ (૪) મનહર નામનો ઇસમ તથા તપાસમાં નીકળે તે વિગેરે નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજા ભાગવટાના રહેણાક ઘરમાં તથા ખેતરમાં છુપાવી રાખેલ ઇગ્લિશ દારૂના કાચના તથા પ્લાસ્ટીકના ૧૮૦ મી.લી ના કવાટરીયા તથા બિયરના ટીન-૫૦૦ મી.લી. ના તથા ૭૫૦ મી.લીની કાચની તથા પ્લાસ્ટીકની નાની મોટી બોટલો કુલ નંગ-૩૫૦ કિ.રૂ.૪૦,૪૨૦/- તથા ૨ નંગ ફોનની કિ.રૂ. ૫૫૦૦/- તથા રોકડા રૂ.૧૦૦૦/- મળી કુલ કિ.રૂ.૪૬૯૨૦/- નો મુદ્દામાલ જે દારૂ મુદ્દામાલ રવિ ઉર્ફે પવન ઉર્ફે રાજુ, રહે.ગોધરા, મો.નં.૭૯૮૪૫૭૫૫૫૯ નાઓ પાસેથી મનહર નામનો ડ્રાઇવર સ્વીફટ ગાડીમાં આપી જઇ મળતીયા પ્રતાપભાઇ અમરા પગી નાઓ સાથે પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી સ્ટેટ મોનીટરીંગ સેલ, ગુ.રા.ગાંધીનગર નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૩) કાલોલ પોલીસ સ્ટેશન સી.પાર્ટ ગુ.ર.નં-૧૧૨૦૭૦૩૬૨૩૦૬૧૨/૨૦૨૩ ધી ગુજરાત પ્રોહી. સુધારા અધિનિયમ-૦૧૬ ની ક-૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબના કામે તા-૨૮/૦૬/૨૦૨૩ ના કલાક-૧૨/૪૫ વાગ્યે મોજે.કલોલ બસ સ્ટેશનના બહારના ભાગે આરોપીઓ (૧) કાન્તાબેન વા/ઓફ

લાલાભાઈ જાલમભાઈ ગુંડીયા રહે. મોટીખરજ ગામ સરપંચ ફળીયું તા.જી.દાહોદ (૨) રેખાબેન તે દિલીપભાઈ ભુદરભાઈ સંગાડા રહે. મોટીખરજ ગામ રાહડુંગરી ફળીયું તા.જી.દાહોદ. નાઓએ પ્રોહિ પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાના મીણીયા થેલાઓમાં વગર પાસ પરમીટે ગેર કાયદેસર રીતે ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂ (૧) ગોઆ સ્પીરીટ ઓફ સ્મુથનેસ વ્હીસ્કી ૧૮૦ મીલીના પ્લાસ્ટીકના ક્વાટરીયા નંગ-૧૩૫ ની કિ.રૂ ૧૩,૫૦૦/- (૨) રોયલ સિલેક્ટ લેમન જીન વ્હીસ્કી ૧૮૦ મી.લી.ના પ્લાસ્ટિકના ક્વાટરીયા નંગ-૧૮૦ ની કિ.રૂ ૧૮,૦૦૦/- મળી કુલ બોટલો નંગ-૩૧૫ ની કુલ કિં.રૂ.૩૧,૫૦૦/- નો પ્રોહિ. મુદ્દામાલ રાખી એકબીજાની મદદગારી કરતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. કાલોલ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૪) દામાવાવ પોલીસ સ્ટેશન PART (C) 11207077220250/2022 પ્રોહી એક્ટ કલમ ૬૫.(એ), ૬૫ (ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના કામે તા.૦૧/૦૭/૨૦૨૨ કલાક:૧૩/૦૦ મોજે. મોઘાધરા-૧ ગામે આર.સી.સી રોડ ઉપર આરોપીઓ (૧) વિનોદકુમાર કાળુભાઇ પરમાર રહે.રીછવાણી બોરાણી ફળીયું તા.ઘોઘંબા જી.પંચમહાલ (૨) મંજુલાબેન W/O લાલાભાઇ ભાણાભાઇ વણકર રહે.મોઘાદરા-૧ નિશાળ ફળીયુ તા.ઘોઘબા જી.પંચમહાલ નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે તેના કબજાની ઇકો ગાડી નંબર જી.જે.૧૭ બી.એન ૪૯૯૩ માં ભારતીય બનાવટના વિદેશી દારૂ ભરેલ ૭૫૦ એમ.એલ ના બોમ્બે સ્પેશ્યલ વ્હીસ્કીના માર્કાવાળી બોટલો નંગ-૪૫ કિ.રૂા.૧૮,૧૩૫/- તથા માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ૫૦૦ એમ.એલ.ના ટીન બીયર નંગ-૯૬ કિ.રૂા.૯૬૦૦/- મળી કુલ કિ.રૂા.૨૭૭૩૫/- તથા ઇકો ગાડી નંબર જી.જે.૧૭ બી.એન ૪૯૯૩ ની કિમત રૂા.૩,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂા.૩,૨૭,૭૩૫/- નો મુદ્દામાલ પ્રોહી પ્રતિબંધક એરીયા વહન કરી લઇ આવી પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. દામાવાવ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(હિમાંશુ સોલંકી)
પોલીસ અધિક્ષક
પંચમહાલ ગોધરા

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક શ્રી સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો ગુ.રા.ગાંધીનગર
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી પંચમહાલ ગોધરા રેન્જ, ગોધરા.